# રાજ્યમાં કોરોના બેફામ, નવા ૧૭૯૦ કેસ


## રાજ્યમાં ૨૪ કલાકમાં આઠ વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૮૮૮૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૫૧૪ કેસ

ગાંધીનગર,તા.૨૪

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૭૯૦ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૧૨૭૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે ૮ વ્યક્તિના કોરોનાથી મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૯૨,૧૬૯ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૮,૮૮૦ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૬૬ પર પહોંચ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૩૬,૭૭,૪૬૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૧૭,૧૩૨ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આમ કુલ ૪૨,૯૪,૫૯૯ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૧,૭૬,૫૭૪ વ્યક્તિઓનું રસીકરણ કરાયું. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોવિડ-૧૯ ના ૧૭૯૦ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૧૨૭૭ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૫.૪૫ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૭૮,૮૮૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૮,૮૨૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૯ છે. જ્યારે ૮,૭૪૪ લોકો સ્ટેબલ છે. ૨,૭૮,૮૮૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૬૬ લોકોનાં મોત નિપજ્યા છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**હાથ ધોવાનું ભૂલવાનો પ્રશ્ન જ નથી... ધંધા નોકરીથી હાથ ધોઈ નાખ્યા પછી આ હાથ ધોવાનું જ કામ જ કરવાનું રહે છે...!!**

# સચિવાલયના ગેટ નં-૭ પાસે પોલીસ ચોકી સળગી ઉઠી

## કચરામાં લાગેલી આગ પ્રસરતા પોલીસ ચોકી બળીને ખાક, ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર સચિવાલય ગેટ નં-૭ ની સામે પોલીસ ચોકી અચાનક સળગી ઉઠી છે. આગની ભયાનક જવાળાઓમાં પોલીસ ચોકી બળીને ખાક થઈ ગઈ હતી. મોડી સાંજે આગ લાગવાથી ચ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જયારે ફાયર જવાનોએ સ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. પરંતુ આગ કયા કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. રાજયના વહીવટી સંકુલની બહાર પોલીસ ચોકીમાં આગને પગલે તંત્રમાં પણ દોડધામ મચી ગઈ હતી.

ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો સળગાવવાની મનાઈ હોવા છતા જાહેરમાં કચરો સળગે છે તે હકીકત છે. ઉનાળામાં સુકા પાંદડા સળગાવતા તેની સાથે સાથે અન્ય વન્યરાજીને પણ નુકશાન થાય છે. જાહેરમાં કચરો સળગાવવાથી પર્યાવરણને પણ નુકશાન પહોંચે છે. સુકા પાંદડા સળગાવતા જંગલ વિસ્તારમાં પણ આગ લાગ્યાના કેટલાક કોલ ફાયર વિભાગને પણ મળ્યા હશે. ત્યારે ચ માર્ગ કર્મચારીઓ માટે પીકઅપ બસ સ્ટેન્ડ નજીક જંગલ ઝાળી વિસ્તારમાં ત્રણ-ચાર જગ્યાએ આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. સુકા પાંદળામાં આગ લાગતા તે પ્રસરતા સચિવાલય ગેટ નં-૭ પાસે રહેલી તંબુ ચોકી સુધી પહોંચી ગઈ હતી. ત્યારે ગણતરીની મિનીટોમાં આગની જવાળામાં પોલીસ તંબુ ચોકી લપેટાઈ જતા બળીને ખાક થઈ ગઈ હતી.




## ખૂણેખાંચરેથી

- જુના અને નવા સચિવાલયમાં આજથી શરૂ થયેલા વેક્સીનેશન સેન્ટરો પર ૧૫૦ જેટલા કર્મયોગીઓનું વેક્સીનેશન કરાયુ.
- નવા સચિવાલય સંકુલમાં આજે બ્લોક નં. ૧૧ ખાતે પણ વધુ એક વેગ્કસીનેશન સેન્ટર કાર્યરત કરવામાં આવશે.
- વિધાનસભા સંકુલનો એક કર્મયોગી આજે કોરોના પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન મથકો અંગે રાજકીય પક્ષો સાથે આજે જિલ્લા કલેક્ટરે પરામર્શ બેઠક યોજી હતી.
- ઓડીએફ ડબલ પ્લસ થયેલ નગરમાં ઓડીએફ સિસ્ટમની ચકાસણી માટે કેન્દ્ર સરકારની ટીમ ગાંધીનગર આવી શકે છે.
- શહેરમાં કોરોનાના વધતા જતા કેસોને પગલે આજે તંત્ર દ્વારા ૮૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.
- ગાંધીનગરના સચિવાલય ગેટ નં. ૭ ની બહાર ઉભી કરવામાં આવેલ પોલીસ પોઈંટની ચોકીમાં આગની ઘટના બનવા પામી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯૭૬ લોકોને કોરોના વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

# યુવાન મોનિલ શાહે કોરોનાના મૃતકોના ઘરે વિના મુલ્યે સેનેટાઈઝેશનની સેવા આપી

## નગરના યુવાને ટીમના સહયોગથી અત્યાર સુધી ૬૦૦ ઘરોમાં સેનેટાઇઝેશન કર્યુ : જયારે ગાંધીનગર અમદાવાદમાં ૪૦ મૃતકોના ઘરે સેનેટાઇઝ કરવાની ઉમદા સેવા આપી

ગાંધીનગર તા ૨૪

કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે. ત્યારે દરેક નાગરિકોએ સાવધાની રાખવાની અનિવાર્યતા છે. કોરોનાની મહામારીના કપરા સંજોગોમાં ડોકટર્સ પોલીસ તેમજ ફાયર બ્રિગેડ પણ કોરોના વોરિયર્સ તરીકે ઉમદા ફરજ બજાવે છે. છેલ્લા એક વર્ષથી કોરાના સામેનો જંગ જારી છે ત્યારે ગાંધીનગરમાં પણ કોરોના પોઝીટીવ દર્દીઓના ઘરે જઈને નગરના યુવા અગ્રણી મોનિલ શાહ ઘર તેમજ ઓફિસને સેનેટાઈઝેશન કરવાનુ કામ કરે છે. કોરોના દર્દીનુ મૃત્યુ થયુ હોય તેવા કિસ્સામાં આ યુવાન તેમજ તેમની ટીમ વિના મુલ્યે દર્દીના ઘરને સેનેટાઈઝ કરવાની કામગીરી કરે છે. અત્યાર સુધી આ ટીમ દ્વારા ગાંધીનગર અમદાવાદના ૬૦૦ થી વધુ ઘરોમાં સેનેટાઈઝેશનની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. જયારે કોરાનાના લીધે દર્દીનુ મૃત્યુ થયુ હોય તેવા ૪૦ જેટલા કિસ્સામાં મોનિલ શાહ તેમજ તેમની ટીમે વિના મુલ્યે સેનેટાઈઝેશન કરવાની સેવા આપી છે. હાલ એક વર્ષના અંતે પણ કોરોના પોઝિટીવ દર્દીના ઘરના સભ્યોમાં ડર જોવા મળે છે. જયારે એક દર્દીની સાથે અન્ય



ઘરના સભ્યોને પણ કોરોનાનુ સંક્રમણ ન લાગે તે માટે ટીમ દ્વારા યોગ્ય અને પધ્ધિતસર ઘરને સેનેટાઇઝ કરવામાં આવે છે. દિવસ રાત કામ કરતી આ ટીમ તેમજ તેના સભ્યોએ અત્યાર સુધી ૩૦ વાર રેપિટ ટેસ્ટ કરાવ્યા છે. કોરોના વોરિયર્સ તરીકે કામ કરતા મોનિલ શાહ જણાંવે છે કે માસ્કનો ઉપયોગ અને સોશિયલ ડીસ્ટન્સીંગ રાખવુ અનિવાર્ય છે પરંતુ રોગપ્રતિકારક શક્તિ પણ જળવાયેલી રહે તે અત્યંત જરૂરી છે.

# ગુજરાતમાં હોળી પ્રગટાવવાની આંશિક મંજૂરી, ધૂળેટી પર રોક

## રાજ્યના નાયબ મુખ્યમંત્રીની હોલીને લઈને સ્પષ્ટતા : પરંપરાગત ધાર્મિક વિધીથી હોળી પ્રગટાવી શકાશે પણ ભીડ એકત્રિત ન થાય તેનું વિશેષરીતે ધ્યાન રાખવું પડશે

કોરોના વાયરસનો ફેલાવો ફરી વખત વધી ગયો છે. દરરોજ સામે આવતા કેસના આંકડા રેકોર્ડ તોડી રહ્યા છે. જેના કારણે ફરી એક વખત પ્રતિબંધો લાગવાની શરુઆત થઈ છે. ત્યારે કોરોના વાયરસના કારણે આ વખતે હોળીના રંગમાં ભંગ પડ્યો છે. થોડા દિવસ પહેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હોળી અને ધૂળેટીના તહેવારને લઈને સ્પષ્ટતા કરી હતી. ત્યારે હવે રાજ્ય સરકાર દ્વારા હોળી ધૂળેટીના તહેવાર અંગે ગાઈડલાઈન જાહેર કરી છે. રાજ્યના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી ગાઈડલાઈન પ્રમાણે હોળીની ઉજવણીને આશિંક છૂટછાટ આપવામાં આવી છે, જ્યારે ધૂળેટીની ઉજવણી પર પ્રતિબંધ મુકાયો છે.

ગાઈડલાઈનમાં જણાવાયું છે કે હોળી-ધૂળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટા સંખ્યામાં લોકો એકઠા થાય છે. જેના કારણે કોરોના સંક્રમણ ફેલાવાની શક્યતા છે. જેના કારણે આ વખતે મર્યાદિત સંખ્યામાં પરંપરાગત રીતે ધાર્મિક વિધિથી હોળી પ્રગટાવી શકાશે. પરંતુ આ દરમિયાન ભીડ ના થાય અને કોરોના ગાઈડલાઈનનું પાલન થાય તેનું ખાસ ધ્યાન રાખવું પડશે. તો આ તરફ ધૂળેટીની ઉજવણી પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ધૂળેટીના દિવસે કિ પણ પ્રકારના જાહેર કાર્યક્રમને મંજૂરી આપવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે આ પહેલા મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં હોળી-ધુળેટીની ઉજવણી અંગે નિર્ણય કરાયો હતો. જેને લઈને આ ગાઈડલાઈન જાહેર કરાઈ છે.

# ૨૭મીથી જિલ્લામાં આકરા ઉનાળાનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં ૨૭મીથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જશે તેવુ હવામાન પૂર્વાનુમાન દાંતીવાડા કૃષિ યુનિ.એ કર્યુ છે.

હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૧૦૧ માં જણાવ્યા પ્રમાણે તા. ૨૪ થી ૨૮ દરમ્યાન પાંચ દિવસ આકાશ ચોખ્ખુ રહેશે.

મહત્તમ તાપમાન ૩૯ થી ૪૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૨-૨૩ ડિગ્રી રહેવાની સંભાવના છે. ૨૭મીએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ અને ૨૮મીએ તે ૪૧ ડિગ્રી પર પહોંચશે તેવુ અનુમાન છે.

હવામાં ભેજનું પ્રમાણ ૯ થી ૨૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને ઉનાળુ પાકના વાવેતર સાથે વાવણી કરેલ પાકોની જાળવણી કરવા તેમજ પશુપાલકોને ઉનાળામાં દૂધાળા જાનવરોને દિવસમાં બપોરના સમયે એક વખત નવડાવી ગરમીથી બચાવી શકાય અને દૂધ ઉત્પાદન જાળવી રખાય છે તેમ સલાહ આપવામાં આવી છે.

# શહેરમાં જોખમી આવાસો તોડવાના મામલે સ્કેપ વેલ્યુ વધારવા વિચારણા

## સ્કેપ વેલ્યુ વધારવાની હિલચાલથી ટેન્ડર પ્રક્રીયામાં પણ નિરસતા બહુ ઓછી એજન્સી ટેન્ડર પ્રક્રીયામાં રસ દાખવે છે : સેકટરામાં આવાસોનો નિકાલ કરવાની કામગીરી પણ મંદ

ગાંધીનગર તા ૨૪

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જેના લીધે આ દાયકાઓ જુના અને જર્જરિત આવાસો તોડીને તબક્કાવાર નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. ત્યારે જુના આવાસો તોડવા માટે પણ વિવિધ સેકટરામાં મંજુરી આપવામાં આવી રહી છે. ત્યારે જુના મકાનો તોડવાના મામલે સ્કેપ વેલ્યુ વધારવા માટે પણ વિભાગ કક્ષાએ વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. બીજીતરફ આવાસો તોડવાના મામલે સ્કેપ વેલ્યુ પરવડે તેમ ન હોવાથી એજન્સીઓ પણ નિરસતા સેવી રહી છે.

શહેરના વિવિધ સેકટરોમાં સ્થિત સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જુના અને જોખમી મકાનો તોડીને નવા મકાનો બનાવવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. હાલ શહેરના સે-૬ માં નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે.જયારે સે-૨૯ માં પણ નવા મકાનો બાંધવામાં આવશે. અગાઉ પણ સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી હતી જેમાં હાલ કર્મચારીઓનો વસવાટ છે. એકબાજુ નવા મકાનો બાંધવા માટે વર્ષો જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જેના લીધે તબક્કાવાર મંજુરી માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી રહી છે. જુના આવાસો તોડીને કાટમાળમાંથી નફો રળતી એજન્સી આ આવાસો તોડવા માટેનુ કામ રાખે છે. જયારે જેની સામે સરકારને સ્કેપ વેલ્યુ ચુકવે છે. હાલની સ્થિતિએ શહેરના સેકટરોમાં જોખમી આવાસો તોડવાની કામગીરી મંદ પડી ગઈ છે. જોખમી આવાસોની સંખ્યા વિશેષ છે. પરંતુ સ્કેપ વેલ્યુ વધારવાના મામલે પણ સરકારમાં વિચારણા ચાલી રહી હોવાથી હાલ આવાસો તોડવા માટે મંજુરી આપવાની પ્રક્રીયા પણ વિલંબમાં પડી છે. જયારે એજન્સીઓ પણ આવાસો તોડવાના મામલે નિરસતા દાખવતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે.

# નિઃસંતાન વૃદ્ધાના અવસાન બાદ તમામ ઉત્તર ક્રિયા સંપન્ન કરાવતા વૃદ્ધાશ્રમના સંચાલક

## સરદાર પટેલના પીએ રહી ચુકેલા સ્વ. છબીલદાસ પરીખના ધર્મપત્નિ ઈન્દુબેનનું 'આનંદી માના વડલે' અવસાન થતાં તેમની અંતિમ ક્રિયાથી માંડીને તમામ ઉત્તર ક્રિયા દિનેશભાઈ વ્યાસે પોતાના હસ્તે સંપન્ન કરાવી : આનંદી માનો વડલો વિકસાવવામાં દાન આપી ચુકેલા સ્વ. છબીલદાસની મરણોત્તર વિધિ પણ તેમણે જ સંપન્ન કરી હતી

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૨ રજવાડાંઓને એકસૂત્રે બાંધી સ્વતંત્ર ભારતનો નકશો જોડ્યો હતો પરંતુ વાસ્તવિક જીવનમાં તેઓ અત્યંત સાદગીભર્યુ જીવન જીવતા હતા જે તેમના અવસાન પછી તેમની જૂજ સંપત્તિ પરથી ફલિત થાય છે. આવા આદર્શ રાજપુરૂષના સહયોગીઓ પણ તેમનાથી એટલા જ પ્રભાવિત થઈને જીવનમાં સાદગી અપનાવનારા હતા તેની પ્રતિતિ ગાંધીનગરમાં શેષ જીવન ગાળી ચુકેલા સરદાર પટેલના અંગત મદદનીશ રહી ચુકેલા સ્વ. છબીલદાસ પરીખની જીવનશૈલીમાંથી થાય છે. પોતાના જીવનના પાછલા વર્ષો પોતે જ વૃદ્ધાશ્રમ માટે દાન આપી ચુક્યાં છે તેમાં જ વીતાવનાર સ્વ. છબીલદાસના ધર્મપત્નિ ઈન્દુબેનનું તાજેતરમાં ૯૨ વર્ષની વયે માણસાના 'આનંદી માનો વડલો'' વાનપ્રસ્થાશ્રમ ખાતે નિધન થયું છે. સ્વ. ઈન્દુબેનની અંતિમ ક્રિયાથી માંડીને તમામ ઉત્તર ક્રિયા વાનપ્રસ્થાશ્રમના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે સંપન્ન કરી છે.



માણસાના મકાખાડ રોડ પર સ્થિત 'આનંદી માનો વડલો' વાનપ્રસ્થાશ્રમ ખાતે ગત તા. ૧૦મી માર્ચે ઈન્દુબેન છબીલદાસ પરીખનું ૯૨ વર્ષની વયે અવસાન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના પતિ છબીલદાસ પરીખ જેઓ સરદાર પટેલના અંગત મદદનીશ તરીકે કાર્ય કરી ચુક્યાં હતા તેમનું પણ વર્ષ ૨૦૧૪ માં આનંદીમાના વડલે જ અવસાન થયું હતું. નિઃસંતાન આ દંપતિ વર્ષ ૨૦૧૩ માં આનંદીમાના વડલે રહેવા આવ્યું તે પહેલા તેઓ ગાંધીનગરના સેક્ટર-૭ માં પરિમલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા હતા અને જ્યારે દિનેશભાઈ વ્યાસ 'આનંદીમાનો વડલો' વિકસાવી રહ્યાં હતા ત્યારે છબીલદાસે તેમને એક પોસ્ટકાર્ડ લખીને મળવા બોલાવ્યા હતા અને પ્રાર્થનાસભા હોલ માટે રૂ. પાંચ લાખનું માતબર દાન આપ્યું હતું. પોતાની મોટાભાગની સંપત્તિ દાનમાં આપી દેનાર આ દંપત્તિએ ત્યારબાદ એક રૂમ માટે રૂ. ૩ લાખનું દાન આપ્યુ હતુ. પછીથી તેજ રૂમ તેમના શેષ જીવનનું આશ્રયસ્થાન બન્યું હતુ. વર્ષ ૨૦૧૩ માં 'આનંદી માના વડલે' રહેવા આવી ગયેલા આ દંપત્તિ પૈકી છબીલદાસનું ૮૯ વર્ષની વયે બીજા વર્ષે ૨૦૧૪માં જ અવસાન થઈ જતાં માનદ મેનેજીંગ ટ્રસ્ટી તથા સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસે જ તેમને અગ્નિ સંસ્કાર આપવા સાથે તેમની તમામ ઉત્તર ક્રિયા સંપૂર્ણ વિધિવિધાન સાથે સંપન્ન કરી હતી. આ પછી ઈન્દુબાનું તા. ૧૦મી માર્ચે અવસાન થયું ત્યારે પણ દિનેશભાઈ વ્યાસે જ તેમના પણ અંતિમ સંસ્કાર કર્યા અને તેમની આત્માની શાંતિ અર્થે પ્રાર્થના સભા તથા તમામ ઉત્તર ક્રિયાઓ પણ તેજ રીતે સંપન્ન કરી એક પુત્ર સમાન ફરજ બજાવી પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

### પ્રાર્થનાસભામાં સુપ્રસિદ્ધ ભજનિક મુકેશ ભટ્ટનું ભક્તિસંગીત

સ્વ. ઈન્દુબાના તા. ૧૦ માર્ચે અવસાન બાદ તા. ૧૪મી માર્ચે તેમની ''આનંદી માના વડલે'' પ્રાર્થના સભા યોજવામાં આવી હતી. આ પ્રાર્થના સભામાં અમદાવાદના સુપ્રસિદ્ધ ભજનિક મુકેશ ભટ્ટને બોલાવી દિનેશભાઈ વ્યાસે એક સુમધુર ભક્તિસંગીત સાથે શ્રદ્ધાંસુમન અર્પણ કર્યા હતા. સ્વ. છબીલદાસની જેમજ સ્વ. ઈન્દુબાની લૌકિક ઉત્તર ક્રિયાઓ પણ સંપૂર્ણ વિધિવિધાન સાથે જાતે હાજર રહી પોતાના હસ્તે કરાવી હતી.

# ઈન્ડીયન વૉટર વર્કસ એસોસીએશન અને પૂરવઠા વિભાગ દ્વારા વર્લ્ડ વૉટર ડે ની ઉજવણી

ગુજરાત પાણી પુરવઠા વિભાગ અને ઈન્ડીયન વોટર વર્કસ એસોસીએશન અમદાવાદ સેન્ટરના સહયોગથી વર્લ્ડ વોટર ડે ની ઉજવણી ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વેલ્યુઈંગ વોટર વિષય પર એક્ષપર્ટ વક્તા ડૉ. સંજય દહાશહાસરા કે જેઓ ફોર્મર મેમ્બર સેક્રેટરી મહારાષ્ટ્ર જીવન પરાધિકરણ તેમજ વિશ્વ બેંકના કન્સલ્ટન્ટ, ઈકો એશીયા વોટર સપ્લાય અને સેનીટેશન ૨૪૮૭ ના કન્સલ્ટન્ટ અને મેમ્બર કમીટી ફોર સીપીએચઈઓ છે. તેમણે ૨૪૮૭ પ્રોજેક્ટ માટે કેસ સ્ટડી આધારીત પ્રવચન આપ્યું. આ સેમીનારના બીજા વક્તા ડૉ. ઈંદ્રા મીત્રા કે જેઓ પ્રોફેશનલ ઈજનેર સ્ટેટ ઓફ વર્જેનીયા યુ.એસ.એ. ઈન્ટરનેશનલ વેસ્ટ વોટર એન્ડ સલ્જ એક્ષપર્ટ છે. તેઓએ ગ્રે વોટર મનેજમેન્ટ પર ઓનલાઈન પ્રવચન આપ્યું. બન્ને સ્પીકરોએ વેલ્યુઈંગ વોટર માટેનાં વિશ્વ કક્ષાએ તેમના પ્રોજેક્ટ પર કેસ સ્ટડી આધારીત પ્રવચન આપ્યુ હતુ. ગુજરાતમાં પણ ગાંધીનગર શહેર અને વાસ્મો દ્વારા




૧૦ ગામોમાં ૨૪૮૭ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે ગુજરાત સરકારે પીવાના પાણીની ગ્રીડ કરી ગુજરાતની શકલ બદલી નાંખી છે. પીવાના પાણીની કિંમત અને તેના મેનેજમેન્ટ તથા કરકસર ભર્યા વપરાશ પર ભાર મુકી આગામી પેઢી માટે પાણીની બચત કરવા જણાવ્યુ હતુ. આઈડબલ્યુડબલ્યુએ ગુજરાતના ચેરમેન પ્રકાશ શાહે માહિતી આપતાં જણાવ્યું કે આ સેમિનારની સાથે પાણી પુરવઠા વિભાગમાં કામ કરતાં પ્રોફેશનલ/ઈજનેરો માટે ૧૧ થી વધુ કેટેગરી જેવી કે બેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ મેન્ટેનન્સ, બેસ્ટ નેટવર્ક ડીઝાઈન, સમયસર પ્રોજેક્ટ પૂર્ણ કરવો, બેસ્ટ મરામત અને નિભાવણી જુથ પાણી પુરવઠા યોજના, બેસ્ટ ગ્રીવન્સીસ મેનેજમેન્ટ, બેસ્ટ લેબોરેટરી મેન્ટેનન્સ, ઈમ્પ્લીમેશન ઓફ ૨૪૮૭ વીલેજ વોટર સપ્લાય સ્કીમ જેવાં વિષયો માટે હરીફાઈ રાખવામાં આવેલ હતી.